# જિલ્લાની ગ્રામ્ય આઈ-ટી કિવઝના વિજેતાઓ રાજયકક્ષાએ ભાગ લેશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત 'રૂરલ આઈટી કિવઝ-૨૦૧૭'નો પ્રથમ સેલિમિનેશન રાઉન્ડ યોજાયો હતો.



આ સ્પર્ધામાં જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની ૨૭ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ૧૭૪ વિદ્યાર્થીઓ ઉપરાંત ૩૫ જેટલા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

સ્પર્ધા દરમિયાન મુખ્ય મહેમાન પદે નિસર્ગ સાયન્સના મેનેજીંગ ટ્રસ્ટી અનિલ પટેલ તથા નિવૃત્ત શિક્ષક ચંદુભાઈ પટેલ, વિજ્ઞાન રિસર્ચર વસંત પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ દસ વિજેતા ટીમો રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે.

### સ્પર્ધામાં વિજેતા ટીમો

- ચૈતન્ય સ્કૂલ (લેંકાવાડા) - શ્વરાજ જાડેજા, અભિનવ તેજા
- ચૈતન્ય સ્કૂલ (લેંકાવાડા) - ઈશા ગોહિલ, જેશલીન
- જયોતિ વિદ્યાલય (રિદ્રોલ) - વત્સલ પટેલ, સત્યજિતસિંહ ચાવડા
- અંબા સ્કૂલ ફોર એકસેલન્સ (અડાલજ) - જૈનિશ શાહ, જય કાછડીઆ
- એમ.બી. પટેલ હાઈસ્કૂલ (વાવોલ) - રાજુ ઠાકોર, હાર્દિક નાડિયા
- બ્રાઈટ સ્કૂલ (વલાદ) - શ્રીધર પટેલ, હર્ષ ગજેરા
- જે.એસ. વિદ્યામંદિર (રાંધેજા) - હર્ષરાજ ચાવડા, સમીર ઝાલા
- એસ.એમ.એસ. હાઈસ્કૂલ (સરઢવ) - ઝીલ પટેલ, આશા ડામોર
- જયોતિ વિદ્યાલય (રિદ્રોલ) - જયદિપ સોલંકી, આર્યન પટેલ
- સી.યુ. વિદ્યાલય (લોદરા) - કુશલ સુથાર, રાજ પટેલ

# ગાંધીનગર એસ ટી ડેપોમાં ૫૦ ડ્રાઈવર કંડકટરને ટૂંકમાં નિમણુંક અપાશે

## રાજયમાં ડ્રાઇવર કંડકટરની ભરતીના અંતે ગાંધીનગર ડેપોની ઘટનો પ્રશ્ન પણ હલ થશે

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર ડેપોમાં ૫૦ ડ્રાઈવર કંડકટરની ઘટના લીધે એસ ટી ના રૂટને યોગ્ય રીતે દોડાવામાં ડેપો તંત્રએ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવામાં પણ નિયમિત અને સમયસર બસ મળતી ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જયારે ટુંકમાં જ ગાંધીનગર ડેપોમાં ડ્રાઈવર કંડકટરની ઘટનો પ્રશ્ન હલ થશે. રાજયમાં ત્રણ હજાર ડ્રાઈવર તેમજ ૧૭૦૦ જેટલા કંડકટરની ભરતી પ્રક્રીયાના અંતે ગાંધીનગર ડેપોમાં પણ ઘટનો પ્રશ્ન હલ થશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓનો અભાવ વર્તાય છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવાનો રૂટ પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઇ છે. સ્થાનિક અપડાઉન કર્તાઓ સહીત બહારના મુસાફરો પણ એસ ટી ની સલામત સવારી નિયમિત અને સમયસર ન મળતી હોવાનો રોષ ઠાલવી રહયા છે. ત્યારે એસ ટી ડેપો દ્વારા ગાંધીનગર ડેપોમાં ડ્રાઈવર કંડકટરની ઘટ નિવારવા માટે પણ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. હાલની સ્થિતિએ પણ ગાંધીનગર ડેપોમાં ૫૦ જેટલા ડ્રાઈવર કંડકટરોની ઘટ હોવાનુ ધ્યાને આવ્યુ છે .જેના લીધે ગાંધીનગર ડેપોની બસ સેવા પર વિપરિત અસર થઈ છે. ત્યારે રાજયમાં એસ ટી સેવાને વધુ અસરકારક બનાવવા માટે ટુંકમાં જ ડ્રાઈવર કંડકટરની ઘટ પુરવામાં આવશે. રાજયમાં ૩ હજાર જેટલા ડ્રાઈવર તેમજ ૧૭૦૦ જેટલા કંડકટરની ભરતી કરવામાં આવશે. જેના અંતે ગાંધીનગર ડેપોમાં પણ લાંબા સમયથી ઉદભવેલી ડ્રાઈવર કંડકટરની ઘટનો પ્રશ્ન હલ થશે. ભરતી પ્રક્રીયાના અંતે ગાંધીનગર ડેપોમાં પણ ડ્રાઈવર કંડકટરોને નિમણુંક આપવામાં આવશે. ગાંધીનગર ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓનો પણ અભાવ વર્તાય છે. ત્યારે નગરના એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની વાત વચ્ચે સલામતીનો મુદ્દો પણ વિસરાયો છે. જેના લીધે મુસાફરોમાં રોષની લાગણી વ્યાપી છે.

## જિલ્લા યુવક કોંગ્રેસના ૧૨૦૦ કાર્યકરો વિજય વિશ્વાસ સંમેલનમાં જોડાશે

અમદાવાદ ખાતે ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસના પ્રમુખ અમરીન્દરસિંગ રાજા બરારની અધ્યક્ષતામાં તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનોની ઉપસ્થિતિમાં લોકશાહી વિજય વિશ્વાસ સંમેલન અને રોજગાર અધિકાર રેલી યોજાશે. ગાંધીનગર જિલ્લા યુવક કોંગ્રેસના ૧૨૦૦ જેટલા યુવાનો જોડાશે.



સે-૨૧માં માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલની માતૃ સંસ્થા એપોસ્લિક કાર્મેલ મંડળના વેસ્ટર્ન પ્રોવિન્સના પ્રોવિન્સીયલ સિસ્ટર નિર્મલિની એ.સી. પોતાની ટીમ સાથે શાળા નિરિક્ષણ અર્થે આવેલ છે. તેમનું સ્વાગત ગુજરાતી સંસ્કૃતિના રાસ દ્વારા કરાયું હતું. તેમજ શાળા હોલ ખાતે વિવિધ મૂલ્યો આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરાયા હતા. સિસ્ટર નિર્મલિનીએ શાળાના વિવિધ વિભાગોની મુલાકાત લઈ શિક્ષકો તથા વિદ્યાર્થીઓ સાથે સંવાદ યોજયો હતો.

# પર્યુષણ પર્વ

**પ.પૂ. ગણિવર્ય યશકલ્યાણવિજયશ્રી મ.સાહેબ તથા પ.પૂ. મુનિરાજ તીર્થ પ્રેમ વિજયશ્રી મ.સાહેબની અમૃતવાણી**

## સાતમો દિવસ

### જૈનાચાર્યનો સ્વર્ણિમ ઈતિહાસ

કોઈપણ પરંપરા તેના શ્રેષ્ઠ અનુયાયીઓમાંથી જ ટકે છે. તે પરંપરા ધંધાની હોય કે ધર્મની. જૈન પરંપરા વિશેષ ગૌવરપદ એટલે છે કે ભગવાન મહાવીરના અનુયાયીઓ જૈનાચાર્ય આટલા વર્ષો બાદ પણ પોતાની આચાર સંમ્પન્નતાને વળગી રહ્યા છે. વાહનના યુગમાં પદયાત્રા બ્યુટીપાર્ટલરના યુગમાં પણ મસ્તક દાઢી મુછના વાળ ખેંચીને કાઢવાના વિગેરે નિયમોને દ્રઢ પણે વળગી રહ્યા છે. આ જડતા નથી સમજદારી છે. દુનિયા બદલાય એટલે આપણે બદલાવવું ફરજિયાત નથી. જરૂર હોય તો પરિવર્તન કરવુ જોઈએ પણ પરિવર્તનના પ્રવાહમાં તણાવું અણસમજુ પણાની નિશાની છે. જૈન સાધુઓ સમજદાર હોય છે. સંસ્કૃત પ્રાકૃત જેવી મૂળ શાસ્ત્રોમાં ભાષા પણ તેઓ શિખે છે અને ગ્રંથો ભણે છે. ચિંતન મનન પણ કરે છે અને ઉચ્ચ આચરણ પણ આચરે છે. તેમના ચારિત્ર અને પ્રતિભા હેઠળ ભલભલા વિદ્વાનો ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ અંજાઈ જાય છે. આ મહાવીરના પટ્ટધર શ્રી સુધ્રર્મ સ્વામી તેમના પટ્ટધર જંબુસ્વામી તેમના પટ્ટધર પ્રભાવસ્વામી વિગેરે છે. દેવેન્દ્રગણિ ક્ષમા શ્રમણ સુધીના આચાર્યની વાત અહિં રજુ કરવામાં આવે છે. આ બધા આચાર્યોએ સાધના કરી ધર્મની ઉન્નતી કરી શિષ્યોને ધર્મની દેશના ફરમાવી અને મોક્ષ કે સ્વર્ગ પ્રાપ્ત કર્યુ. આ જંબુ સ્વામી પછી કોઈ મોક્ષે ગયું નથી એમ જૈન પરંપરા માને છે. કારણ કે તે પુર્વે જેવી સાધના આત્મસુદ્ધી સાધકો કરતા હતા એવી હાલ ઉપલબ્ધ નથી.



તેમ છતાં વિશિષ્ટ આરાધના સાધના દ્વારા જિવાત્મા પોતાના આત્માને કર્મ પડેલાથી મહદ અંશે મુક્ત કરીને સારી ગતી પામી શકે છે. જ્યાથી બીજા કે ચોથા ભવમાં મોક્ષ પ્રાપ્ત થાય. સ્વર્ગ અને મોક્ષ ભિન્ન છે કે નથી સ્વર્ગમાં દેવો વસે છે અને મોક્ષમાં પરમાત્મા ભગવાન વસે છે. સ્વર્ગના દેવો તેમનું આયુષ્ય પુરૂ થાય એટલે પુનઃ મનુષ્ય નર્ક કે પશુની યોનીમાં પરિભ્રમણા અર્થે આવે છે. જ્યારે પરમાત્મા સર્વ કર્મ મુક્ત હોવાથી પુનઃ કદિપણ સંસારમાં અવતરતા નથી. એમને કોઈપણ કારણસર પુનઃ જન્મ ધારણ કરવો પડતો નથી. ખાસ જૈન ધર્મની એક મજાની અને વાસ્તવિક માન્યતા છે કે ભગવાનનું સ્વરૂપ એક સરખું જ હોય છે. પણ ભગવાન કોઈપણ જીવ બની શકે છે. તમે પોતે પણ ભગવાન બની શકો. સંસારી માણસના કામ ક્રોધ માન માયા મોહ ઈર્ષા જેવા દુર્ગુણો પુર્ણ પણે નાશ પામે તો તેજ જીવાત્મા પરમાત્મા બની જાય છે. હાલ જે પણ પરમાત્મા મોક્ષમાં છે તે પણ પુર્વે આપણા જેવા જ હતા. તેમણે સાધનાના બળે પોતાના અંતર શત્રુ પર વિજય પ્રાપ્ત કર્યો છે અને આવું શ્રેષ્ઠ સ્થાન પામ્યા. આવા પરમાત્મા સ્વરૂપ થયેલા જીવોને કદી પુનઃ સંસારમાં આવવું પડ્યુ નથી. આજ સુધીમાં આવા મોક્ષે ગયેલા જીવો અનંતા છે. આપણે પણ સાધના કરીએ દુર્ગુણો પર વિજય પ્રાપ્ત કરીએ અને પરમાત્મા બનીએ.

# દહેગામ-ચિલોડા રોડ પર બેફામ જતી કારે બે વાહનોને અડફેટે લીધા

## એક્ટીવા અને બાઇકને ટક્કર મારી કારચાલક રફ્ફુચક્કર : બાઇકચાલકનું ઘટનાસ્થળે મૃત્યુ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક દહેગામ– ચિલોડા માર્ગ પર ગઇ મોડી સાંજે બેફામ ગતિએ જતી એક અજાણી કારે સોલંકીપુરા ગામનાં પાટીયા પાસે બે વાહનોને અડફેટે લઇ લીધા હતા અને વાહન સાથે કાર ચાલક રફ્ફુચક્કર થઇ ગયો હતો. આ અકસ્માતમાં એક એક્ટીવા ચાલક ગંભીર રીતેઘાયલ થયો હતો જ્યારે એક બાઇક ચાલક યુવાનને ગંભીર ઈજાઓ થતા તેનુ ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. મૃતકનાં બનેવીની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો દાખલ કરી આરોપી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

અમદાવાદનાં સરસપુર વિસ્તારમાં રહેતા કૌશીકભાઇ રશીકભાઇ મહેતાએ નોંધાવેલી પોલીસ ફરિયાદ મુજબ તેમનો સાળો વૈભવ વિનોદભાઇ દવે ગઇ કાલે મોડી સાંજે તેનું ડીસ્કવર બાઇક નં.જીજે ૨૪ એચ ૫૫૧૫ લઇને દહેગામ-ચિલોડા રોડ પરથી પસાર થઇ રહ્યો હતો ત્યારે તેને અજાણી કારે અડફેટે લઇ લીધો હતો. વૈભવ દવે તેનુ બાઇક લઇને સોલંકીપુરા પાટીયા પાસે પહોંચ્યો ત્યારે માંતેલા સાંઢની માફક આવેલી અજાણી કારે વૈભવના બાઇકને જબરદસ્ત ટક્કર મારતા તે બાઇક સાથે ફંગોળાઇને રસ્તા પર પટકાતા માથાનાં ભાગે ગંભીર રીતે ઘાયલ થયો હતો અને સ્થળ પર જ તેનુ કરુણ મોત નિપજ્યુ હતુ. અકસ્માત સર્જનાર કારચાલકે આગળ બીજા એક એક્ટીવાચાલકને પણ અડફેટે લઇ લીધો હતો અને તેને પણ ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં લઇ જવાયો હતો. બંને અકસ્માત બાદ અજાણ્યો કારચાલક વાહન લઇને પળવારમાં ફરાર થઇ ગયો હતો. ચિલોડા પોલીસે કૌશીકભાઇ મહેતાની ફરિયાદ આધારે ગુનો નોંધી તે આરોપીને શોધી કાઢવા હાઇવેનાં સીસીટીવી કેમેરાનાં ફુટેજ ચેક કરવાનું શરુ કર્યુ છે.

# ગાંધીનગરની 'એમસીબીએસ' કંપનીને 'ક્વોલીટી ઈન ઈનોવેશન ટેકનોલોજી' એવોર્ડ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર વિજાણું વસાહતમાં આવેલ ગુજરાતની સુપ્રસિદ્ધ કંપની મોડન કોમ્યુનીકેશન એન્ડ બ્રોડકાસ્ટ સીસ્ટમ પ્રા.લિ.ને આ વર્ષે ગુજરાત રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ઉદ્યોગ મંત્રી રોહિતભાઈ પટેલ, ગુજરાત સરકારના તમામ હોદ્દેદારો અને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના આ એકમ છેલ્લા ૩૦ વર્ષથી ઉત્પાદનના ક્ષેત્રમાં કાર્યરત છે અને ઈલેક્ટ્રોનીક્સની ગુણવત્તાયુક્ત વિશાળ પ્રોડક્સની શ્રેણીનું ઉત્પાદન કરે છે. કંપનીનો વિશાળ પ્લાન્ટમાં



સરકાર દ્વારા 'કવાલિટી ઈન ઈનોવેશન ટેકનોલોજી' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ એવોર્ડ ગાંધીનગરમાં આવેલ મહાત્મા મંદિર ખાતે તા. ૧૯ ઓગષ્ટના રોજ યોજવામાં આવેલ એમએસએમઈ પ્રોત્સાહન-પુરસ્કાર વિતરણ સમારોહ કાર્યક્રમો ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ ઉદ્યોગપતિઓની હાજરીમાં એનાયત કરવામાં આવ્યો હતો. એવોર્ડ આ એકમના ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર જી. સી.જૈન અને ડાયરેક્ટર શ્રીમતી એડી. જૈન દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. આ એવોર્ડની સાથે રૂપિયા ૨ લાખનો ચેક, ટ્રોફી અને પ્રશસ્તીપત્ર આપવામાં આવ્યા હતા.

અત્યાધુનિક મશીનરીનો ઉપયોગ કરાય છે. મુખ્ય પ્રોડક્સમાં ડીશ એન્ટેના, કેબલ ટીવી ઈક્વીપમેન્ટ, સીસીટીવી, વીડિઓ ઓડીયો અને સેટ ટોપ બોક્સનો સમાવેશ થાય છે. આ એકમ યુવાન ઈજનેરો અને ટેકનીસયનોને તાલીમ આપીને રોજગારી પૂરી પાડવાનું ઉત્તમ કામ પણ કરે છે.

# ડભોડા ખાતે કડિયાકામ અંગે તાલીમ વર્ગનો શુભારંભ

ચિલોડા, તા. ૨૩

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગ્રામપંચાયત તથા જિલ્લા વિકાસ એજન્સી ગાંધીનગર દ્વારા ગામના યુવાનોને કડિયાકામમાં કારીગર તરીકેની તાલીમ માટે ૪૫ દિવસની કડિયા તાલીમ વર્ગનુંઆયોજન કરવામાં આવ્યું છે. જેમાં તાલીમ દરમ્યાન યુવાનોનેરૂ. ૨૪૬ દૈનિક ભથ્થુઅપાશે. આ યોજના હેઠળ યુવાનો મકાનો બનાવવાની કામગીરીનો અનુભવ લઈ રોજગારી મેળવી શકેએહેતુસર ગામના ૩૫ યુવાનોને કડિયાકામમાં કારીગર બનાવવા માટે ૪૫ દિવસની તાલીમ અપાશે. તાલીમ દરમિયાન તાલીમાર્થી યુવાનોને રૂ. ૨૪૬ દૈનિક ભથ્થુ એક ટાઈમ ભોજન તથા ચાની સુવિધાઓ એજન્સી દ્વારા પુરી પાડવામાં આવશે. યુવાનોને કડીયાકામ કરવા માટે કડીયા ટુલકીટ પણ અપાશે. આ તાલીમ યોજના ગામમાં શરૂ થતાં ગામના યુવાનોને રોજગારી મળી રહેવામાં આધાર હોવાનુંગામના મહિલા સરપંચ તખીબેન સોલંકીએ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકાના ટીડીઓ રમીલાબેન પરમાર, ગામના તલાટી કમ મંત્રી કે.આર. પટેલ તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.





## ખરણા ગામે ટીબી જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર જિલ્લા ક્ષયકેન્દ્ર દ્વારા માણસા તાલુકાના ખરણા ગામની હાઈસ્કૂલમાં ટીબી અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ધો-૮ થી ૧૧ના વિદ્યાર્થીઓએ ભાગ લઈ ટીબી રોગના લક્ષણો, તેની સારવાર અને સાવચેતી અંગે માર્ગદર્શન પ્રાપ્ત કર્યુ હતું. કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના મોનિકા જોષી, કેયુર જયસ્વાલ, મયંક મિત્તલ ઉપરાંત ઈટાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર અનેએમપીએચડબલ્યુ એ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ટીબી ઉપરાંત એચઆઈવી, સ્વાઈન ફ્લુ વગેરે અંગે પણ માહિતી પુરી પાડવામાં આવી હતી. બાળકોએ કાર્યક્રમના અંતે 'મારું ગામ, ટીબી મુકત ગામ' જેવા સુત્રોચ્ચાર કર્યા હતા.

# પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કૈલાસ માનસરોવર યાત્રાના યાત્રિકો સન્માનાયા

ગાંધીનગર, તા. ૨૩

કૈલાસ માનસરોવર યાત્રા જીવનું શિવ સાથે મીલન થાય તેવી અનુભૂતી આપનારી દિવ્ય યાત્રાઓમાની એક યાત્રા છે. જ્યારે ભારતીય સંસ્કૃતિમાં તીર્થસ્થાનોની યાત્રામાં કૈલાસ માનસરોવર યાત્રાનું વિશેષ મહત્વ છે ત્યારે આ યાત્રા પર જવાનું સૌ કોઈનું સપનું હોય છે. આ યાત્રા અતિ કષ્ટદાયી અને મનની શાંતિની સાથે રોમાંચ આપનારી છે. ત્યારે ભારત સરકારનાં વિદેશ મંત્રાલય દ્વારા પસંદગી પામીને વર્ષ ૨૦૧૫-૧૬માં કૈલાસ માનસરોવર યાત્રા પરિપૂર્ણ કરનાર યાત્રિકોનું મહાનુભાવોના હસ્તે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રૂપિયા ૨૩,૦૦૦ નો ચેક, શાલ અને ભગવાન શંકરની મૂર્તિ ભેટ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે ઉપસ્થિત રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્ય કક્ષાના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આ યાત્રાને તમામ યાત્રાળુઓના જીવનનો અતિ મહત્વનો પ્રસંગ ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ભગવાન શંકરની શરણમાં જતા ભક્તને અનેક વિઘ્નોનો સામનો કરવો પડે છે પરંતુ જો ભાગ્યમાં લખ્યુ હોય અને શિવજીની કૃપા હોય તો કોઈપણ રીતે આ પવિત્ર યાત્રા સંપન્ન થાય છે.

આ પ્રસંગે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને કૈલાસ માનસરોવર યાત્રા પૂર્ણ કરનાર તમામને યાત્રા કરવા બદલ શુભેચ્છા પાઠવી હતી તથા ૨૧ વખત કૈલાસ માનસરોવર યાત્રા પરિપૂર્ણ કરનાર પોરબંદરના યાત્રાળુ અશોકભાઈ રાડીયાનું મંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદી, ઉપાધ્યક્ષ રાજુભાઈ ધ્રુવ, સચિવ કિરીટ એમ. અધ્વર્યુ, સોમનાથ મંદીરના પૂજારી તથા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારીઓ અને કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

# ઈસનપુર મોટા ગામે પ્રાથમિક શાળા ખાતે કોમ્પ્યુટર લેબ અને સી.સી.ટી.વી કેમેરાનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૩

ઈસનપુરામોટા ગામની શ્રીમતી શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ પ્રાથમિક શાળા ખાતે કોમ્પ્યુટર લેબ અને સી.સી.ટી.વી કેમેરાનું લોકાર્પણ આજરોજ કલેકટર સતીશ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઇના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમજ ઈસનપુમોટા સહિત આસપાસના ગ્રામજનોની રોગપ્રતિકારક શક્તિ વધારે તેવા આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવાની વાનનું પણ પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટર સતીશ પટેલે ઉપસ્થિત સર્વે ગ્રામજનોને ગામને પ્લાસ્ટિક અને તમાકુ મુક્ત ગામ બનાવવા માટે અપીલ કરી હતી. તેમજ ગામમાં સ્વચ્છતા રાખવાથી આરોગ્યને થતાં ફાયદાઓની વિસ્તૃત માહિતી આપી હતી.દ્ભાવના એન્જિનિયરીંગ લિમિટેડના સહયોગથી ઈસનપુરમોટા ગામની પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર લેબ અને સી.સી.ટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે. તે ઉપરાંત શ્રી મફતલાલ બાપુદાસ પટેલ સાર્વજનિક હોસ્પિટલ દ્વારા આસપાસના શિવપુરાકંપા, મહુન્દ્રા અને અન્ય બે ગામના ગ્રામજનોની રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે વાન દ્વારા આયુર્વેદ ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવનાર છે.

આ પ્રસંગે શ્રી એમ.બી.પટેલ સાર્વજનિક હોસ્પિટલના રામચંદ્રભાઈ પટેલ અને રમેશભાઈ પટેલ, કેળવણી મંડળના ટ્રસ્ટી લલિતભાઈ પટેલ, જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રીમતી ડૉ. ભાવનાબેન પટેલ, મગોડી આયુર્વેદ હોસ્પિટલના ડૉ. મીરાબેન રાજગુરૂ, ડૉ. ભાવેશભાઈ પટેલ, ઈસનપુર મોટા ગામના સરપંચ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## સે-૧માં ગાયત્રી શકિતપીઠ ખાતે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

શહેરમાં સ્વાઈન ફલુના વાવરના પગલે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ વિવિધ સેવાકીય સ્વૈચ્છિક તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે. શહેરમાં સેકટર-૧માં ગાયત્રી શકિતપીઠ ખાતે વિના મૂલ્યે સ્વાઈન ફલુ માટેના આયુર્વેદિક ઉકાળાના વિતરણનું આયોજન કરાયું છે. જેમાં દરરોજ સવારે ૯ કલાકથી વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેનો લાભ લેવા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.

**ઓનલાઈન જાહેર નિવિદા નં.૧૧**
**સને ૨૦૧૭-૧૮**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ, વિદ્યુત પેટા વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં. 'એ' પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના ૪ (ચાર) કામના ઓનલાઈન ટેન્ડર જેની અંદાજીત રકમ ૧૦૮૨૦૮.૦૦ થી ૨૧૬૨૯૯.૦૦ છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

આ કામના કોરા ટેન્ડરો www.nprocure.com ઉપરથી જોવા મળશે. આ સાઈટ ઉપરથી ઓનલાઈન ટેન્ડર તા. ૨૪/૮/૨૦૧૭થી તા. ૩૦/૮/૨૦૧૭ના રોજ ૧૮.૦૦ કલાક સુધી અપલોડ / ડાઉનલોડ કરી શકાશે છે. શક્ય હશે તો ટેન્ડર તા. ૩૧/૮/૨૦૧૭ના ૧૨.૦૦ કલાકે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ -૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં. 'એ' પ્રથમ માળ, ગાંધીનગર દ્વારા ઓનલાઈન ખોલવામાં આવશે. ટેન્ડર રૂબરૂમાં /ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં.

આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૪૨૧/૧૭-૧૮